Seat No. : ______________

# NF-150

**November-2025**

**M.Com., Sem.-III**

**501 : Taxation-I**

**(Personal Tax Planning)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (A) નાણાંકીય વર્ષ 2024-2025માં શ્રી હનીફ લાકડાવાલાએ તેમના આવકના તમામ સ્ત્રોતોમાંથી ગ્રોસ કરપાત્ર આવક તરીકે ₹ 12,00,000 કમાયા હોય. કલમ 80 C, 80 D અને 80 TTB હેઠળ કપાત તરીકે મજરે મળવાપાત્ર તેમના રોકાણો અને અન્ય રકમ ₹ 2,00,000 હોય તો આ.વ. 2025-2026 માટે લાગુ પડતી આવક-વેરા ગણતરીના જૂના માળખા અને નવા માળખા મુજબ તેમની ચોખ્ખી કરપાત્ર આવક અને આવકવેરાની જવાબદારી કેટલી થશે ? **7**

   કર આયોજનના દ્રષ્ટિકોણથી તેમને આવક-વેરા ગણતરીના જૂના માળખા અને નવા માળખા વચ્ચે યોગ્ય લાભદાયક વિકલ્પ પસંદ કરવાની સલાહ આપો.

   (B) ઉદાહરણની મદદથી કર-ચોરી અને કર-અવગણના વચ્ચેનો તફાવત સમજાવો. **7**

**અથવા**

1. શ્રી કેશવ મહારાજ દક્ષિણ આફ્રિકાની ટીમના એક પ્રખ્યાત ક્રિકેટર છે. જેમણે નાણાંકીય વર્ષ 2024-2025 સહિત છેલ્લા 10 નાણાંકીય વર્ષોથી દરેક નાણાંકીય વર્ષમાં 105 દિવસ માટે ભારતની મુલાકાત લીધી હતી. આ.વ. 2025-2026 માટે તેમનો રહેણાંક દરજ્જો જાણો.

   જો તેઓ દરેક નાણાંકીય વર્ષમાં 105 દિવસને બદલે 91 દિવસ રોકાયા હોત, તો આ.વ 2025-2026માં રહેણાંક દરજ્જો શું હોત ? હવે, કર આયોજનના દ્રષ્ટિકોણથી, આ.વ. 2026-2027માં તેમના રહેઠાણના દરજ્જા અંગે સલાહ આપો. **14**

2. શ્રી મનીષ પાટડિયા વર્ષ 2004થી મેસર્સ વિજય સેલ્સ, મુંબઈમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે કાર્યરત છે. નીચેની વિગતો પરથી આકારણી વર્ષ 2025-2026 માટે પગારના શીર્ષક હેઠળ તેમની કરપાત્ર આવકની ગણતરી કરો. તેમને કર આયોજન માટે સલાહ આપો કે : **14**

- જૂના માળખા હેઠળ ગણતરી કરવી – કલમ 115 BAC પસંદ કરેલ નથી.
- નવા માળખા હેઠળ ગણતરી કરવી – કલમ 115 BAC પસંદ કરેલ છે.

(1) માસિક મૂળ પગાર ₹ 70,000

(2) મોંઘવારી ભથ્થું : મૂળ પગારના 60% (જેમાંથી 75% નિવૃત્તિ લાભ માટે ગણવામાં આવે છે)

(3) કર્મચારી અને નોકરીદાતાનું કર્મચારીના માન્ય પ્રોવિડન્ટ ફંડ ખાતામાં પગારના 16%ના દરે યોગદાન.

(4) દિવાળી 2024ના તહેવાર ડિસ્કાઉન્ટ મહિના દરમિયાન તેમને ₹ 18,000નું પર્ફોર્મન્સ બોનસ આપવામાં આવ્યું હતું.

(5) કંપનીની માલિકીની મોટરકાર (એન્જિનની ઘન ક્ષમતા 1.60 લિટરથી વધુ) કર્મચારીને 01.11.2024 થી અંગત અને ઑફિસ બંને ઉપયોગ માટે આપવામાં આવી હતી. 01.11.2024થી 31.03.2025 સુધીનો ₹ 4,500નો સમારકામ અને જાળવણી ખર્ચ કર્મચારી દ્વારા સંપૂર્ણપણે ચૂકવવામાં આવ્યો હતો.

(6) મનીષ, તેની પત્ની અને સગીર બાળકને ઈકોનોમી ક્લાસ એર ટિકિટ માટે રજા મુસાફરી કન્સેશન ₹ 1,20,000 આપવામાં આવ્યું.

(7) મનીષને અંગત અને ઑફિસ બંને ઉપયોગ માટે લેપટોપ અને કમ્પ્યુટરની સુવિધા આપેલ છે. લેપટોપની ખરીદ કિંમત ₹ 65,000 અને કમ્પ્યુટરની ખરીદ કિંમત ₹ 55,000 કંપની દ્વારા ચૂકવવામાં આવેલ હતી.

(8) તેમને દર મહિને ₹ 2,000નું તબીબી ભથ્થું ચૂકવવામાં આવ્યું.

(9) વ્યવસાય વેરો ₹ 2,500 ચૂકવવામાં આવ્યો જેમાંથી ₹ 2,240 કંપની દ્વારા ચૂકવવામાં આવ્યો હતો.

**અથવા**

2. કુમારી શીતલ મકવાણા એક કલાકાર છે અને તેમની પાસે "નટશાળા", "પ્રયોગશાળા" અને "ધ્વનીશાળા" નામના ત્રણ ઘર છે, ત્રણેય ઘરો તેમના પોતાના છે. મિલકતોની વિગતો નીચે મુજબ છે : **14**

| વિગતો | મકાન નટશાળા | મકાન પ્રયોગશાળા | મકાન ધ્વનીશાળા |
|---|---|---|---|
| મ્યુનિસિપલ આકારણી | 4,00,000 | 5,20,000 | 6,00,000 |
| વાજબી ભાડું | 4,40,000 | 5,60,000 | 6,40,000 |
| પ્રમાણ ભાડું | 4,80,000 | 4,80,000 | 6,80,000 |
| મ્યુનિસિપલ કરવેરા (20% બાકી) | 50,000 | 1,00,000 | 1,20,000 |
| બાંધકામ માટે હાઉસિંગ લોન પર વ્યાજ | 1,00,000 | 50,000 | 1,30,000 |

પાછલા વર્ષ 2024-2025 માટે કુમારી શીતલ મકવાણાએ કયું ઘર **સ્વ-વપરાશ**ના ઘર તરીકે પસંદ કરવું જોઈએ જેથી તેમની કર જવાબદારી ઓછી થઈ શકે ?

3. શ્રી ઉન્મેષ દિક્ષિતે 01.01.2025ના રોજ તેમનું રહેણાંક એપાર્ટમેન્ટ ₹ 39,74,000માં વેચી દીધુ. તેમણે આ ઘર 1988-89માં ₹ 3,00,000માં ખરીદ્યું હતું. 01.04.2001ના રોજ ઘરનું વાજબી બજાર મૂલ્ય ₹ 8,00,000 હતું. તેમણે આ ઘરના વેચાણ પર સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ચાર્જ અને કાનૂની દસ્તાવેજો માટે વકીલની ફી તરીકે ₹ 1,12,000 ખર્ચ કર્યા છે. **14**

વેચાણની ચોખ્ખી રકમમાંથી, તેમણે નીચે મુજબ રકમનો ઉપયોગ કર્યો :

- 01.01.2025ના રોજ તેમની ₹ 28,62,000ની ચૂકવવામાં બાકી હોમ લોન ચૂકવી દીધી.
- તેમણે ખરીદેલા પ્લોટ પર નવા ઘરના બાંધકામ માટે 28.03.2025ના રોજ ₹ 5,00,000 ચૂકવ્યા.
- 02.01.2025ના રોજ મૂડી લાભ ખાતાની યોજનામાં ₹ 3,00,000 જમા કરાવ્યા.

**સંબંધિત ખર્ચ ફુગાવાનો સૂચકઆંક નીચે મુજબ છે :**

2001-02 = 100, 2023-24 = 348 અને 2024-25 = 363

આકારણી વર્ષ 2025-2026 માટે કરપાત્ર મૂડી-નફાની ગણતરી કરો અને તેમને સલાહ આપો કે કરવેરા આયોજનના દ્દષ્ટિકોણથી આવકવેરા કાયદા હેઠળ મહત્તમ કર-મુક્તિ કેવી રીતે મેળવી શકાય ?

**અથવા**

3. મેસર્સ સ્ટાર-લાઈટ એન્જિનિયરિંગ (OPC) પ્રા. લિમિટેડ તમને 31-3-2025ના રોજ પૂરા થયેલા વર્ષ માટે તેના ખાતાઓમાંથી નીચેની વિગતો આપે છે : **14**

| વિગત | રકમ (₹) |
|---|---|
| **નફા-નુકસાન ખાતા મુજબ ચોખ્ખો નફો** | 25,00,000 |
| **નફા-નુકસાન ખાતામાં ઉધારેલ રકમ :** | |
| કર્મચારીઓનો પગાર | 4,00,000 |
| માલિકના ઘરનું ભાડું | 1,00,000 |
| ચેરિટી-દાન | 80,000 |
| ઘસારો | 4,00,000 |
| કાનૂની ખર્ચા | 1,00,000 |
| કર્મચારીઓને બોનસ | 2,00,000 |
| કર્મચારીઓને ગ્રેચ્યુટી | 3,00,000 |
| માલ-સેવા કર (GST) માટેની જોગવાઈઓ | 4,00,000 |
| ઘાલખાધની જોગવાઈ | 2,00,000 |
| મુસાફરી ખર્ચા | 1,00,000 |
| વૈજ્ઞાનિક સંશોધન ખર્ચા | 2,00,000 |
| **નફા-નુકસાન ખાતામાં જમા થયેલ રકમ :** | |
| ઘરની મિલકતમાંથી ભાડું | 4,00,000 |
| ભારતીય કંપનીઓ તરફથી ડિવિડન્ડ | 1,00,000 |
| મળેલ વટાવ | 50,000 |
| સ્ટાફ ક્વાર્ટરમાંથી ભાડું | 1,50,000 |
| માલ-સેવા કર (GST)નું રિફંડ | 80,000 |

**અન્ય માહિતી :**

(1) વૈજ્ઞાનિક સંશોધન ખર્ચ સામાજિક વિજ્ઞાનમાં સંશોધન માટે માન્ય સંશોધન સંસ્થામાં યોગદાન સાથે સંબંધિત હતા.

(2) દાનની રકમ માન્ય સંસ્થાને આપવામાં આવેલ હતી.

(3) 2024-2025 દરમિયાન ચૂકવવામાં આવેલ વર્ષ 2023-2024નો GST ₹ 1,20,000 નફા-નુકસાન ખાતામાં નોંધવામાં આવેલ નથી.

(4) ગ્રેચ્યુઈટી ઉચ્ચક ધોરણે ચૂકવવામાં આવી હતી.

(5) આવકવેરા કાયદા, 1961 મુજબ માન્ય ઘસારો ₹ 5,00,000 છે.

પાછલા વર્ષ 2024-2025 માટે મેસર્સ સ્ટાર-લાઈટ એન્જિનિયરિંગ (OPC) પ્રા. લિ.ની ધંધા-વ્યવસાયની કરપાત્ર આવક નક્કી કરો.

4. નાણાંકીય વર્ષ 2024-25 માટે શ્રી હેમંત મિસ્ત્રીની કુલ આવક નીચે મુજબ છે : **14**

| **ક્રમ** | **વિગત** | **રકમ (₹)** |
|---|---|---|
| 1. | ભારતની બહાર આવેલી ખેતીલાયક જમીનમાંથી આવક | 1,00,000 |
| 2. | રાજકોટમાં આવેલી ખેતીલાયક જમીનની આવક | 50,000 |
| 3. | કંપનીના ડિરેક્ટર તરીકે મળેલી ફી | 30,000 |
| 4. | KBCના કાર્યક્રમમાંથી જીતેલી રકમ (નેટ) (TDS @ 30%) | 70,000 |
| 5. | ડિબેન્ચર પર વ્યાજ (નેટ) (TDS @ 10%) | 90,000 |
| 6. | ટાટા મોટર્સ લિમિટેડના શેર પર મળેલ ડિવિડન્ડ | 8,000 |
| 7. | અદાણી એનર્જી લિમિટેડના પગારમાંથી કરપાત્ર આવક | 12,00,000 |
| 8. | રાજકોટમાં ઘરની મિલકતમાંથી કરપાત્ર આવક | 1,00,000 |

ઉપરોક્ત માહિતી પરથી, આ.વ. 2025-2026 માટે શ્રી હેમંત મિસ્ત્રીની અન્ય સ્ત્રોતોમાંથી ચોખ્ખી કરપાત્ર આવક અને કુલ કરપાત્ર આવકની ગણતરી કરો.

**અથવા**

4. (A) આકારણી વર્ષ 2025-2026 માટે નીચેના અંદાજિત આવકમાંથી શ્રી જીગર બુંદેલા દ્વારા અગાઉથી ચૂકવવાપાત્ર કરવેરા (એડવાન્સ ટેક્સ)ની ગણતરી કરો. શ્રી જીગર બુંદેલા આવકવેરા કાયદા, 1961ની કલમ 115 BAC મુજબ કર ભરવાનો વિકલ્પ પસંદ કરેલ નથી : **10**

| વિગતો | ₹ |
|---|---|
| પગારમાંથી ચોખ્ખી આવક | 5,25,000 |
| મકાન-મિલકતમાંથી ચોખ્ખી આવક | 2,00,000 |
| SBIમાં ફિક્સ્ડ ડિપોઝિટ પર વ્યાજ | 80,000 |
| એફ-1 રેસમાંથી મળેલ આવક | 50,000 |
| પબ્લિક પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | 1,20,000 |
| ચૂકવેલ જીવન વીમા પ્રીમિયમ | 30,000 |
| મૂળ સ્થાનેથી કર-કપાત (TDS) | 15,620 |

(B) કલમ 234-Bની જોગવાઈઓ સમજાવો. **4**

5. આપેલ વિકલ્પમાંથી યોગ્ય જવાબ પસંદ કરો : (કોઈપણ **સાત**) **14**

(1) જ્યારે કરદાતા દ્વારા કરની ચુકવણી નિર્ધારિત જવાબદારી કરતાં વધુ હોય, ત્યારે વધારાના કર ચુકવણી પરનું વ્યાજ સરકાર દ્વારા આવકવેરા અધિનિયમ, 1961ની કલમ ________ હેઠળ ચૂકવવામાં આવે છે.

(a) 234 A (b) 244 A

(c) 244 B (d) 234 C

(2) __________ સંપૂર્ણપણે કરમુક્ત જામીનગીરી નથી.

(a) નેશનલ ડિફેન્સ ગોલ્ડ બોન્ડ,1980 (b) સ્પેશિયલ બેરર બોન્ડ, 1991

(c) 7% મૂડી રોકાણ બોન્ડ (d) ઈક્વિટી શેર

(3) સટ્ટાકીય ધંધાનું નુકસાન ધંધાના માલિકના __________ સામે સરભર કરી શકાતું નથી.

(a) નિયમિત (બિન-સટ્ટાકીય) ધંધાના નફા (b) ગેરકાયદેસર ધંધાના નફા

(c) સટ્ટાકીય ધંધાના નફા (d) ઉપરોક્ત તમામ

(4) જો કંપની દ્વારા 40 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરમાં કર્મચારીને કંપનીની માલિકીનું મકાન પૂરું પાડવામાં આવેલ હોય, તો પા.વ. 2024-2025માં ભાડા-મુક્ત અથવા ઓછા-ભાડાના મકાનની સુવિધાનું કરપાત્ર મૂલ્ય કેટલું ગણાશે ?

(a) મૂળભૂત પગારના 10% (b) મૂળભૂત પગારના 15%

(c) BABCના 10% (d) BABCના 15%

(5) "_________ એટલે, કરદાતા તેની આવક-વેરા જવાબદારીને એવી રીતે આયોજન કરે છે કે તે આવકવેરા કાયદાની તમામ જોગવાઈઓનો મહત્તમ લાભ મેળવી શકે."

(a) કરવેરા સંચાલન (b) કર આયોજન

(c) કરચોરી (d) કર અવગણના

(6) ઘર-ભાડાની આવકના શીર્ષક હેઠળ, વસુલ ન આવેલ ભાડું _________રકમમાંથી કપાત થાય છે.

(a) ગ્રોસ વાર્ષિક મૂલ્ય (b) વાર્ષિક ભાડું

(c) વાજબી ભાડું (d) પ્રમાણ ભાડું

(7) 01-04-2007 પછી NHAI અથવા RECL જેવા ખાસ બોન્ડમાં રોકાણ કરવા માટે કલમ 54EC હેઠળ લાંબાગાળાના મૂડી-નફા પર કર બચાવી શકાય તેના માટે મહત્તમ આવકવેરા કપાત કેટલી છે ?

(a) ₹ 10 લાખ (b) ₹ 30 લાખ

(c) ₹ 50 લાખ (d) ₹ 1 કરોડ

(8) ભારત સરકાર _________ પદ્ધતિ દ્વારા આવકવેરો વસૂલ કરે છે.

(a) અગાઉથી ચુકવવાપાત્ર વેરો (b) સ્વયં આકારણી વેરો

(c) મૂળ-પ્રાપ્તિસ્થાનોથી કર-કપાત (d) ઉપરોક્ત તમામ

(9) આવક વેરા કાયદા, 1961ની કલમ 32 હેઠળ, ઈલેક્ટ્રિક ફિટિંગ સહિત ફર્નિચર માટે ઘસારાનો દર ________ છે.

(a) 40% (b) 20%

(c) 10% (d) 5%

(10) ઘરની મિલકતમાંથી થતી આવકના સંદર્ભમાં સંયુક્ત ભાડું એટલે ________ .

(a) એક કરતાં વધુ ઘરની મિલકતોમાંથી મળેલ ભાડું

(b) એક મહિનાથી વધુ સમય માટે મળેલ ભાડું

(c) જમીનના પ્લોટ તેમજ ઘરની મિલકતમાંથી મળેલ ભાડું

(d) ફર્નિચર, એસી, ફ્રિજ, રસોડાના ઉપકરણો અને સોસાયટીમાં લિફ્ટ અને સુરક્ષા-કર્મચારી જેવી અન્ય સેવાઓ માટેના વહીવટી ફાળા સહિત ઘરની મિલકતમાંથી મળેલું કુલ ભાડું.

(11) નાણાંકીય વર્ષ 2025-26 માટે શ્રી રાજેશ પવારની કુલ અંદાજિત કર જવાબદારી ₹ 3,60,000 છે, તો ત્રીજા હપ્તા સુધી તેમની અગાઉથી ચુકવવાપાત્ર કરવેરાની (એડવાન્સ ટેક્સ) જવાબદારી શું હશે ?

(a) ₹ 1,62,000 (b) ₹ 2,70,000

(c) ₹ 3,60,000 (d) ₹ 2,40,000

(12) પરદેશમાં રહેતા ભારતીય નાગરિક અથવા મૂળ ભારતીય વંશજ પા.વ. દરમિયાન ભારતની મુલાકાતે આવે અને જો પા.વ.માં ભારતમાં તેઓએ 182 દિવસથી ઓછો પણ 120 દિવસથી વધુ વસવાટ કર્યો હોય અને તેમની પા.વ.ની વિદેશના સ્રોત સિવાયની કુલ કરપાત્ર આવક ₹ 15,00,000 કરતા વધુ હોય, તો તેમના રહેઠાણનો દરજ્જો ________ ગણાય.

(a) સામાન્ય રહીશ (b) રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ.

(c) બિન-રહીશ (d) ભારતમાં ધારી લીધેલ રહીશ

Seat No. : _______________

# NF-150

**November-2025**

**M.Com., Sem.-III**

**501 : Taxation-1**

**(Personal Tax Planning)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (A) In the F.Y. 2024-2025, Mr. Hanif Lakdawala has earned ₹ 12,00,000 as Gross taxable income from all his sources of income. His investments & other amount eligible for deductions under sections 80 C, 80 D & 80 TTB is ₹ 2,00,000/-. What would be his net taxable income and income tax liability under Old Regime and New Regime of Income Tax calculation applicable for AY 2025-2026 ? Advise him to select suitable beneficial option between Old Regime and New Regime from tax planning point of view. **7**

(B) With the help of example, explain the difference between Tax Avoidance and Tax Evasion. **7**

**OR**

1. Mr. Keshav Maharaj is a famous cricketer in South African team who visited India for 105 days in every financial year since last 10 financial years including F.Y. 2024-2025. Find out his residential status for the A.Y. 2025-2026.

If he would have stayed for 91 days instead of 105 days in every financial year, what would be the residential status in A.Y. 2025-2026 ? Now, from Tax Planning point of view, advise him for his residential status of A.Y. 2026-2027. **14**

2. Mr. Manish Patadia is employed as a Sales Executive in M/s. Vijay Sales, Mumbai since 2004. From the following particulars, calculate his taxable income under the head salary for A.Y. 2025-2026 and give him advice for tax planning by : **14**

- Making calculation under Old Regime - Not opted for Section 115 BAC
- Making calculation under New Regime - opted for Section 115 BAC

1. Basic salary per month ₹ 70,000
2. Dearness Allowance : 60% of basic salary (75% of which is considered for retirement benefit)
3. Contribution of employee and employer to recognized provident fund account of the employee at 16% of salary.
4. Performance Bonus given to him was ₹ 18,000 during Festival Discount month of Diwali 2024.
5. Motorcar owned by the company (cubic capacity of engine exceeds 1.60 litres) provided to the employee from 01.11.2024 both for official and personal use. Repair and maintenance expenses of ₹ 4,500 from 01.11.2024 to 31.03.2025 were fully met by the employee.
6. Leave travel concession given to Mr. Manish, his wife and Minor child ₹ 1,20,000 for economy class air tickets.
7. Facility of laptop and computer was given to Manish for both official and personal use. Cost of laptop ₹ 65,000 and computer ₹ 55,000 were paid by the company.
8. Medical allowance of ₹ 2,000 per month paid to him.
9. Professional tax paid ₹ 2,500 of which ₹ 2,240 was paid by the company.

**OR**

2. Miss Sheetal Makwana is an artist and has three house properties named "Natshala", "Prayogshala" & "Dwanishala", all three houses are self-occupied. The following are the details of the properties : **14**

| **Particulars** | **House Natshala** | **House Prayogshala** | **House Dwanishala** |
|---|---|---|---|
| Municipal value | 4,00,000 | 5,20,000 | 6,00,000 |
| Fair rent value | 4,40,000 | 5,60,000 | 6,40,000 |
| Standard Rent | 4,80,000 | 4,80,000 | 6,80,000 |
| Municipal Tax (20% Outstanding) | 50,000 | 1,00,000 | 1,20,000 |
| Interest on Housing loan for construction | 1,00,000 | 50,000 | 1,30,000 |

For the P.Y. 2024-2025, suggest which house should be opted by Miss. Sheetal Makwana to be assessed as **self-occupied** so that her tax liability can be minimized ?

3. Mr. Unmesh Dixit sold his residential apartment on 01.01.2025 for ₹ 39,74,000. He had acquired this house in 1988-89 for ₹ 3,00,000. The fair market value of the house as on 01.04.2001 was ₹ 8,00,000. He has spent ₹ 1,12,000 on sale of this house by way of Stamp duty, registration charges & lawyer's fees for legal documentation. **14**

Out of net amount of sale proceeds, he utilized the amount as under :

- Cleared his home loan unpaid amount of ₹ 28,62,000 as on 01.01.2025
- Paid ₹ 5,00,000 on 28.03.2025 for the construction of a new house on the plot purchased by him
- Deposited ₹ 3,00,000 in the scheme of Capital Gain Account on 02.01.2025.

**Relevant cost inflation index are as under :**

2001-02 = 100, 2023-24 = 348 & 2024-25 = 363

Calculate taxable capital gain for A.Y. 2025-26 and advise him how the maximum exemption can be availed under the Income Tax Act from Tax Planning point of view.

**OR**

3. M/s. Star-light Engineering (OPC) Pvt. Ltd. gives you the following particulars from its accounts for the year ended 31-3-2025. **14**

| Particulars | Amount (₹) |
|---|---|
| **Net Profit as per P & L A/c** | 25,00,000 |
| **Items debited to P & L A/c :** | |
| Staff Salaries | 4,00,000 |
| Rent to proprietor's house | 1,00,000 |
| Charity Donation | 80,000 |
| Depreciation | 4,00,000 |
| Legal expenses | 1,00,000 |
| Bonus to employees | 2,00,000 |
| Gratuity to employees | 3,00,000 |
| Provisions for Goods & Service Tax | 4,00,000 |
| Provision for bad debts | 2,00,000 |
| Travelling expenses | 1,00,000 |
| Scientific research expenses | 2,00,000 |
| **Items credited to P & L A/c :** | |
| Rent from house property | 4,00,000 |
| Dividends from Indian companies | 1,00,000 |
| Discount received | 50,000 |
| Rent from Staff quarters | 1,50,000 |
| Refund of Goods & Service Tax | 80,000 |

**Other Information :**

1. Scientific research expenses were related to Contribution to an approved research institution for research in Social Science.
2. Charity amount was given to an approved organization.
3. GST of the year 2023-2024 paid during the 2024-2025 ₹ 1,20,000 not charged to P & L A/c.
4. Gratuity was paid on ad-hoc basis.
5. Allowable depreciation as per Income Tax Act, 1961 is ₹ 5,00,000.

Determine Taxable income from Business of M/s. Star-light Engineering (OPC) Pvt. Ltd. for P.Y. 2024-2025.

4. Total incomes of Mr. Hemant Mistry for financial year 2024-2025 are as under : **14**

| Sr. No. | Particulars | Amount (₹) |
|---|---|---|
| 1. | Income from Agricultural Land situated outside India | 1,00,000 |
| 2. | Income for Agricultural Land situated in Rajkot | 50,000 |
| 3. | Fee received as a Director of the company | 30,000 |
| 4. | Winnings from KBC Show (Net) (TDS @ 30%) | 70,000 |
| 5. | Interest on Debenture (Net) (TDS @ 10%) | 90,000 |
| 6. | Dividend received on the shares of Tata Motors Ltd. | 8,000 |
| 7. | Taxable income from Salary from Adani Energy Ltd. | 12,00,000 |
| 8. | Taxable Income from House property in Rajkot | 1,00,000 |

From the above information, calculate Net Taxable income from other sources and Total Taxable Income of Mr. Hemant Mistry for A.Y. 2025-2026.

**OR**

4. (A) Compute the Advance Tax payable by Mr. Jigar Bundela from the following estimated income for the Assessment Year 2025-2026. Mr. Jigar Bundela has not opted to pay tax under Section 115 BAC of Income Tax Act, 1961 : **10**

| Particulars | ₹ |
|---|---|
| Net Income from salary | 5,25,000 |
| Net Income from House Property | 2,00,000 |
| Interest on Fixed Deposit with SBI | 80,000 |
| Receipts from F-l Race | 50,000 |
| Contribution to Public Provident Fund | 1,20,000 |
| LIC Premium paid | 30,000 |
| Tax deducted at Source | 15,620 |

(B) Explain provisions of section 234-B. **4**

5. Attempt the following Multiple-Choice Questions : **(Any Seven)** **14**

(1) When the payment of tax by the assessee is more than the defined liability, the interest on additional payment of tax is paid by the Government under section _________ of Income Tax Act, 1961.

(a) 234 A (b) 244 A

(c) 244 B (d) 234 C

(2) _______ is not fully tax free security.

(a) National Defence Gold Bond, 1980

(b) Special Bearer Bond, 1991

(c) 7% Capital Investment bonds

(d) Equity Shares

(3) The speculation loss cannot be set-off against ________ of the owner of business.

(a) Regular (Non-speculative) business profits

(b) Illegal Business profits

(c) Speculative Business profits

(d) All of the above

(4) In case of House owned and provided by the Company to an employee in the City having population more than 40 lakhs, what would be the Taxable value of Rent-Free Or Concessional Rent Accommodation facility in P.Y. 2024-2025 ?

(a) 10% of Basic Salary

(b) 15% of Basic Salary

(c) 10% of BABC

(d) 15% of BABC

(5) "_________ means, the tax payer plans his income-tax obligation in such a way that he can get maximum advantage of all the provisions of Income-tax law"

(a) Tax Management (b) Tax Planning

(c) Tax Evasion (d) Tax Avoidance

(6) Under the head of Income from house property, the unrealized rent is a deducted from :

(a) Gross Annual Value (b) Annual Rent

(c) Fair Rent (d) Standard Rent

(7) How much maximum exemption limit allowed u/s 54 EC in case of Investment in specified bonds like NHAI or RECL after 01-04-2007 to save tax on long term capital gain ?

(a) ₹ 10 Lakhs (b) ₹ 30 Lakhs

(c) ₹ 50 Lakhs (d) ₹ 1 Crore

(8) The Indian Government collect Income tax by way of _________.

(a) Advance Tax

(b) Self-Assessment Tax

(c) T.D.S. (Tax Deducted at Source)

(d) All of the above

(9) Under section 32 of Income Tax Act, 1961, the rate of depreciation for furniture including electric fittings is _______.

(a) 40% (b) 20%

(c) 10% (d) 5%

(10) Composite rent in connection with Income from House Property means________.

(a) Rent received from more than one house properties

(b) Rent received for more than one month.

(c) Rent received from plot of land as well as house property.

(d) Total Rent received from house property including furniture, A.C., Fridge, Kitchen appliances and other services like society's maintenance for lift & security guards.

(11) Total estimated tax liability of Mr. Rajesh Pawar for FY 2025-26 is ₹ 3,60,000. What will be his advance tax liability up to the 3rd Installment ?

(a) ₹ 1,62,000 (b) ₹ 2,70,000

(c) ₹ 3,60,000 (d) ₹ 2,40,000

(12) For Indian Citizen or a person of Indian origin, who is being outside India comes to India during the Previous year and if he stays in India for less than 182 days but more than 120 days during P.Y., and his total taxable income except foreign source exceeds ₹ 15,00,000, he is considered as _______.

(a) Ordinarily Resident only

(b) Resident but Not Ordinarily Resident only

(c) Non-Resident only

(d) Deemed to be Resident in India